| Re Accredited Grade "A" by NAAC | સૌરાષ્ટ્ર યુનિવર્સિટી |
|---|---|
| સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય, યુનિવર્સિટી કેમ્પસ, રાજકોટ-૩૬૦૦૦૫ | |
| નં.એકે./થેલે/[illegible]/૨૦૧૭ | |
| | તા:- ૧૨/૧૦/૨૦૧૭ |

સંદર્ભ:- અત્રેના પરીપત્રાંક એકે/થેલે/૬૭૦/૨૦૧૭, તા.૨૩/૦૬/૨૦૧૭

પરિપત્ર:-

આથી યુનિવર્સિટી સંલગ્ન સર્વે કોલેજોના આચાર્યશ્રીઓને સવિનય જણાવવાનું કે શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮નાં વર્ષ દરમિયાન યુનિવર્સિટીના સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોના સેમેસ્ટર/વર્ષ '૧'માં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓના થેલેસેમિયા ટેસ્ટ પ્રવર્તમાન શૈક્ષણિક વર્ષમાં કરવા જણાવેલ છે તથા તે સંદર્ભે કોન્ટ્રાકટની શરતો પણ આપને પાઠવેલ છે.

ઇન્ડિયન રેડક્રોસ સોસાયટી અમદાવાદ દ્વારા યુનિવર્સિટીએ તા.૨૫/૦૯/૨૦૧૭નાં રોજ શ્રી આર.પી.ભાલોડીયા કોલેજ, ૭ મનહર પ્લોટ, રાજકોટ ખાતે ઉપરોક્ત પ્રોજેક્ટ માનનીય કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને પાઇલોટ પ્રોજેક્ટ તરીકે લોન્ચ કરેલ અને તે દરમિયાન સંસ્થાએ પ્રોજેક્ટના સુચારૂ સંચાલન માટે જે-તે કોલેજ કેટલીક પાયાની સુવિધા આપે તો તેઓની કામગીરી વધુ ઝડપથી સંપન્ન થઇ શકે તેવી વિનંતી કરેલ છે. જે મુજબ જે તે કોલેજના વિદ્યાર્થીઓની સંખ્યા ધ્યાને લેતા '૫' ટેબલ અને ખુરશી તથા સ્વતંત્ર મોટો રૂમ હવા-ઉજાસની સગવડ સાથે ફાળવવા તથા પીવા માટેનું પાણી અને આકસ્મિક જરૂરીયાત જણાય તો ગ્લુકોઝ બિસ્કીટ વિગેરે કોલેજ દ્વારા ઉપલબ્ધ થઇ શકે તેવી વિનંતી કરેલ છે.

ઉપરોક્ત સંસ્થાને તમામ સંલગ્ન કોલેજોની યાદી, સરનામુ તથા ટેલીફોન નંબર સાથે ફાળવેલ છે અને તેથી તેઓ આપનો સંપર્ક કરી શકશે. સંસ્થાનું ઈ-મેઈલ આઇ.ડી. નીચે મુજબ છે.

E-mail :- ircsguj@hotmail.com Ahmedabad

Nilesh Bhartiya :- tpp.ircsguj@gmail.com મો.-9428214293

આથી સંબંધિત સર્વેને ખાસ વિનંતી કરવાની કે યુનિવર્સિટીએ દિવાળી વેકેશન તા.૧૫/૧૦/૨૦૧૭ થી તા.૧૫/૧૧/૨૦૧૭ સુધીનું જાહેર કરેલ છે અને યુનિવર્સિટીની પરીક્ષાનો પ્રથમ તબક્કો પણ તા.૦૫/૧૦/૨૦૧૭થી શરુ થઇ રહેલ છે જેથી પરીક્ષાર્થીઓને કોઈ અસુવિધા ઉભી ન થવા પામે તે રીતે થેલેસેમિયા ટેસ્ટની તારીખ નિયત કરવા વિનંતી છે.

આપશ્રીને સુવિદિત છે તે રીતે દરેક વિદ્યાર્થીના થેલેસેમિયા ટેસ્ટની રકમ યુનિવર્સિટી ચૂકવશે જેથી કોઈ પણ વિદ્યાર્થી પાસેથી આ સંદર્ભે વધારાની ફી વસૂલવાની રહેતી નથી. અને જ્યારે યુનિવર્સિટીએ આ રકમની ચુકવણી કરવાની છે ત્યારે....

(૧) આપની કોલેજના જે વિદ્યાર્થીઓનો ટેસ્ટ કરવામાં આવે તે એનરોલમેન્ટ નંબર વાઈઝ પત્રકમાં નોંધાવાનાં રહે છે.

(૨) ઉપરોક્ત સંસ્થા તરફથી એક નિયત નમૂનાનું પત્રક દરેક વિદ્યાર્થી દીઠ ફાળવશે. અને તેમાં માંગેલી માહિતી વિદ્યાર્થીએ ભરી કોલેજને રજુ કરવાની રહેશે અને ઉક્ત પત્રકમાં આચાર્યશ્રીએ સહી સિક્કો અથવા કોલેજની ઓળખ મુકવાની રહેશે.

(૩) ઉક્ત સંસ્થાના બીલની ચુકવણી યુનિવર્સિટીએ કરવાની હોવાથી જેટલી સંખ્યાના વિદ્યાર્થીઓનો ખરેખર ટેસ્ટ કરવામાં આવે તે વિદ્યાર્થીના નામ, એનરોલમેન્ટ નંબર તથા વિદ્યાર્થીની સહી સાથેનું પત્રક અભ્યાસદિઠ અલગ-અલગ યુનિવર્સિટીને ઈ-મેઈલ તથા હાર્ડકોપીમાં આચાર્યશ્રી દ્વારા સહી/સિક્કા સાથે પ્રમાણિત કરી મોકલવાનું રહેશે.

Academic Id :- academic@sauuni.ernet.in

(૪) ટેસ્ટની તારીખ નક્કી થયા બાદ સંલગ્ન કોલેજના આચાર્યશ્રીએ નોટીસ બોર્ડ ઉપર તારીખ, સમય અને સ્થળની માહિતીપ્રસિધ્ધ કરવાની રહશે અને વિદ્યાર્થીની પ્રવેશ અરજીમાં દર્શાવેલ ટેલીફોન નંબર અથવા પત્ર વ્યવહારના માધ્યમથી આ બાબતની જાણ વિધ્યાર્થીને તારીખ, સમય, સ્થળ સાથે બિનચૂકપણે કરવાની રહેશે.

(૫) આપની કોલેજ ખાતે ટેસ્ટ થયા બાદ જે વિદ્યાર્થીઓના ટેસ્ટ થયેલ હોય તેની સહી સાથેનું પત્રક યુનિવર્સિટીને રજુ કરવાનું રહેશે. અપવાદરૂપ કિસ્સામાં જે વિદ્યાર્થીઓ ઉપસ્થિત થયેલ ન હોય તેના નામ અને એનરોલમેન્ટ નંબર સામે ગેરહાજર અથવા Absent એવું સ્પષ્ટપણે નોંધી કુલ વિદ્યાર્થીની સંખ્યામાંથી Absentની સંખ્યા બાદ કરી ખરેખર ટેસ્ટ થયેલ વિદ્યાર્થીની સંખ્યા આચાર્યશ્રીએ ચકાસી પ્રમાણિત કરવાની રહેશે.

(૬) કોલેજને થેલેસેમિયા ટેસ્ટનો દરેક વિદ્યાર્થીદીઠ પરીક્ષણનો જે રિપોર્ટ મળે તે રિપોર્ટ પણ કોલેજે યુનિવર્સિટીને ઉપર મુજબના ઈ-મેઈલ તથા હાર્ડકોપીમાં આચાર્યશ્રીના સહી-સિક્કા સાથે પાઠવવાનો રહેશે.

(૭) આપની કોલેજમાટે થેલેસેમિયા ટેસ્ટની જે તારીખ નક્કી થાય તે તારીખ, સમય અને સ્થળની જાણકારી ઈ-મેઈલથી માન. કુલસચિવશ્રીને અને માન. કુલપતિશ્રીને કરવા વિનંતિ.

માન. કુલસચિવશ્રીનું E-mail :- registrar@sauuni.ernet.in છે

માન. કુલપતિશ્રીનું E-mail :- vc@sauuni.ernet.in છે.

( ડો. ધીરેન ડી. પંડ્યા)
I/C.કુલસચિવ

પ્રતિ,

૧. સંલગ્ન સર્વે કોલેજોના આચાર્યશ્રીઓ

નકલ સાદર રવાના :-

૧. કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી
૨. ડીનશ્રી, તબીબી વિદ્યાશાખા
૩. પરીક્ષા નિયામકશ્રી
૪. જોડાણ વિભાગ
૫. પી.જી.ટી.આર. વિભાગ
૬. ઓડીટ વિભાગ
૭. એકાઉન્ટ વિભાગ
૮. નિયામકશ્રી , યુનિવર્સિટી કોમ્પ્યુટર સેન્ટર, રાજકોટ- વેબસાઈટ ઉપર પ્રસિધ્ધ કરવા અર્થે
૯. વહીવટી અધિકારીશ્રી, ઇન્ડિયન રેડક્રોસ સોસાયટી, ખાદી ભંડાર પાસે, અમદાવાદ.